સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

રહે છે બિંધાસ્ત, આતંકીઓનું, આશ્રયસ્થાન છે,
ચોર-લુંટારા-ખંડણીખોરોનું નિવાસસ્થાન છે,
હૃદય-સ્થાન છે એ ગુંલાટબાજ રાજનીતિજ્ઞોનું -
ધર્મનો અંચળો ઓઢી બેઠેલું ના-પાકિસ્તાન છે.

હાઈકુ

જાગ્યો છે હવે,
એમને અભરખો -
'અન્ના' થવાનો..
(- પણ થઈ રામદેવવાળી)

દિશા બદલી,
ફંટાયું વાવાઝોડું -
'નેતૃત્વ સ્પર્ધા'
(પાટીદાર આંદોલન)

ચિંતન

નખી નાં ચ નદીનાં ચ શ્રૃડીપા આં શસ્ત્રપાણી નામ્ । વિશ્વાસો નૈવ કર્તવ્યઃ સ્ત્રીષુ રાજકુલેષુ ચ ॥

'લાંબા-તીવ્ર અણીદાર નખવાળાં પ્રાણી (ભલે પાળેલાં હોય તો પણ), વિશાળ-મોટી નદી, મોટાં શિંગડાંવાળાં પશુ, પાણીદાર અણીવાળાં હથિયારધારી પુરુષ, સ્ત્રીઓ અને રાજપરિવારનો - આ છ લોકોનો કયારેક - કદી પણ વિશ્વાસ ન કરવો.'

આ યાદિમાં આપેલાં તમામ દ્વારા શારીરિક નુકશાન કે કયારેક જીવ પણ જઈ શકે છે. ઘરનાં કે સરકસના પ્રાણી વ્હાલ કરે કે ઉશ્કેરાઈ જાય તો મુશ્કેલી થાય. શીંગડાંવાળું પાણી જરાક ધક્કો મારે તો પણ મોટું નૂકસાન થાય.

ઘણીવાર ચોકી કરતો બંદૂકધારી સિપાઈ કે પોલીસવાળા ઘરમાં ઉશ્કેરાઈ જાય તો ગુસ્સા પર કાબૂ નથી રાખી શકતા અને જીવનો ભોગ લેવાઈ જાય છે.

સ્ત્રી સ્વભાવે તે ચંચળ છે પણ ગુઢ સ્વભાવની અને ઊંડી હોવાથી તેનું મન-વિચાર-વર્તન સ્ત્રી કળી નથી શકાતું તે શું વિચારે છે એ એના ચહેરા પરથી અંદાજી ન શકાય.

રાજા પણ લગભગ એ સ્વભાવના જ હોય છે. બહુ વિશ્વાસ ન કરવો.

સુવિચાર

- તુફાન મે તાશ કે ઘર નહીં બનતે, રોને સે બીગડે હુએ મુકદ્દર નહીં સંવરતે, દુનિયા કો જીતને કા હોંસલા રખ્ખો, એક હાર સે કોઈ ફકીર ઔર એક જીત સે કોઈ સિકંદર નહીં બનતે - **અઝીઝ દહેલવી**
- જો તમે સુખી થવા માંગતા હોય તો બીજાનું સુખ સહન કરતા શીખો - **ચિત્રલેખા**
- પ્રેમમાં ભય હોતો નથી, ઉલ્ટાનું સંપૂર્ણ પ્રેમ ભયને ફગાવી દે છે - **હૃદયસૂત્ર**
- બે જણાથી કાયમ સાવધાન રહેજો એક નવો દોસ્ત અને બીજો જૂનો દુશ્મન - **જનકલ્યાણ**
- કોઈ માણસ બધા પૈસા ગુમાવી દે તે પછી એની જે કિંમત થાય એ જ એની સંપત્તિનું સાચું માપ કહેવાય - **ચંદ્રકાન્ત બક્ષી**
- એ હાથ શું કામના... જે પ્રાર્થના સમયે ઈશ્વર તરફ ઊંચા થાય, પણ કોઈને મદદ કરવા ના સમયે બગલમાં છુપાવી જાય - **સ્વીસ કહેવત**
- બધી જ સારી ઈચ્છાઓનો સરવાળો એટલે ચારિત્ર્ય - **વજુ કોટક** (સંકલન : દીપક વી. આસરા)

બોધકથા

જગતમાં આ બધું જ, જે કંઈ છે તે ઈશ્વરનું જ છે તેમ સમજી, તેનો ત્યાગ કરી (મનથી) પછી જ ભોગવવું જોઈએ.

આમ છતાં, આપણે ઈશ્વરની ધરતીમાં - મારો પ્લોટ-મારું ઘર-મારું ખેતર, મારું ધન વગેરે પચાવી પાડી ઈશ્વરના હક્કને પણ પચાવી પાડીએ છીએ...

એક શેઠે ગરીબ ભિક્ષુકોને દર માસે રોજી-રોટી માટે અમૂક રકમ બાંધી આપી હતી. ૧૦૦૦-૫૦૦ જેવી વગેરે.. ભિક્ષુકો દર માસે આવતા. ચોપડામાં સહી કરી મુનીમ પાસેથી પૈસા લઈ જતા...

આમાં એકાદ દિવસ ધક્કો થાય, મોઢું થાય તો પણ કકળાટ કરી નાખતાં - કેમ જાણે હક્કના નાણાં લેવાનાં હોય!

...એવામાં શેઠને ધંધામાં ખોટ ગઈને દિકરાનાં લગ્ન આવ્યાં. શેઠે ભિક્ષુકોની 'દાન'ની રકમ અર્ધી કરી નાખવાનો આદેશ આપ્યો. ભિક્ષુકોએ હડતાળ-ધરણા-અપવાસ કર્યા અને રજૂઆત કરી બીજે કરકસર કરો અમારી 'રકમ'માંથી શું કામ કાપકૂપ કરો છો?

(આ રકમ અમારી સમજવાની ભૂલ જેમ આપણે ભક્તો ઈશ્વર પાસેથી ભિક્ષા લેવા અપવાસ-એકટાણાં કરી 'અમારી' રકમ આપો - ના ધરણાં - નથી કરતાં?! એ જે આપે એમાં સંતોષ રાખો ને!!

દક્ષિણ ભારતમાં ભગવો લહેરાયો

તંત્રીસ્થાનેથી....

માદરે વતનમાં વિશાળ પાટીદાર સમાજની ક્રાંતિ રેલીના મંચ પરથી હાર્દિક પટેલ ગુજરાતમાં ૨૦૧૭માં કમળ નહીં ખીલવા દેવાની ધમકી ઉચ્ચારી રહ્યા હતા તે જ સમયે દૂર કર્ણાટકની રાજધાની ભારતની 'સિલિકોન વેલી' ગણાતા બેંગલુરુમાં મહાનગરપાલિકા કબજે કરીને ભારતીય જનતા પાર્ટીએ એનો જવાબ વાળી દીધો છે. ભાજપ હવે કોઈ એકલદોકલ પ્રદેશ પૂરતી અસર ધરાવતો રાજકીય પક્ષ નથી રહ્યો. મોદીની કરિશ્મા અને અટલબિહારી વાજપેયીના વારસા ઉપરાંત રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના પ્રચંડ પુરુષાર્થના પ્રતાપે હવે એ ભારતનો મુખ્ય રાજકીય પક્ષ છે એટલું જ નહીં, સભ્ય સંખ્યાની રૂએ એ વિશ્વની સૌથી વધુ સભ્યો ધરાવતી પોલિટિકલ પાર્ટી છે. દક્ષિણ ભારત કે જયાં કે જયાં એને હિંદીભાષી પ્રદેશોના ભદ્રલોકની પાર્ટી ગણીને પ્રવેશ આપવાનીય આનાકાની થતી રહી છે, ત્યાં હવે એ મજબૂત રાષ્ટ્રીય પરિબળ તરીકે ઊપસી રહી છે. બેંગલુરુ એ દક્ષિણ ભારતની હૃદયસ્થલી છે. અહીં કોંગ્રેસના સિદ્ધરામૈયાના નેતૃત્વ હેઠળ કોંગ્રેસના હાથમાં રાજયનાં શાસનસૂત્રો છે. પરંતુ ૨૦૧૪ની લોકસભામાં પ્રગટેલી પેલી ચમત્કારિક મોદી-ઈફેક્ટ અહીં મહાનગરપાલિકાની ચૂંટણીમાં પ્રભાવક નીવડી છે. બેંગલુરું વિજય અંગત રીતે મોદીન જ વિજય છે કારણ કે દક્ષિણ ભારતના સ્થાનિક અગ્રણીઓ પૈકી એકાદ અનંતકુમાર કે વેંકૈયાનાયડુ જેવા નેતા સિવાય કોઈએ ઝાઝું કાઢું કાઢ્યું નથી. અહીં જનતાદળ (એસ) ના નેતા અને પૂર્વ વડાપ્રધાન દેવગોવડાની પાર્ટી પણ હાંસિયે ધકેલાઈ ગઈ છે. કોંગ્રેસને ભારે ફટકો પડ્યો છે. દક્ષિણ ભારતમાં ભારતીય જનતા પાર્ટીના ભવિષ્યની દૃષ્ટિએ આ સ્થાનિક સ્વરાજની સંસ્થાઓનાં પરિણામો ઘણાં મહત્વનાં ગણાય. થોડા વખત પહેલાં મધ્યપ્રદેશ અને રાજસ્થાનની સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં પણ ભાજપનો દબદબો રહ્યો હતો, તે જોતાં આગામી સમયમાં સંપન્ન થનાર બિહાર વિધાનસભાની ચૂંટણીમાં પણ ભાજપ સારો દેખાવ કરશે, એવી આગાહી જરુર કરી શકાય. બિહારમાં યુવા મતદારો પર મોદીની વિકાસ પુરુષ તરીકેની છાપ છે. પરંપરાગત રીતે જ્ઞાતિ આધારિત મતદાન કરવા ટેવાયેલા બિહારને મોદીએ વિશેષ રાજયનો દરજ્જો અને માતબર પૅકેજ આપી ભાજપની પાંખમાં લેવાના પ્રયાસો આદર્યા છે. એકમેકનો છાંયડો કાપતા રહેતા લાલુ અને નીતીશના જોડાણને પ્રજા પણ તકવાદી જોડાણ જ માનીને મોદીના વિકાસના રાજકારણની તરફેણમાં મતદાન કરવાનું પસંદ કરે તેવી સંભાવના નકારી શકાય તેમ નથી. નીતીશકુમારને સત્તાલાલચુ નેતા તરીકે અને લાલુ યાદવને ઘાસચારા કૌભાંડમાં સંડોવાયેલા ભ્રષ્ટ 'જંગલરાજ' ના પ્રણેતા તરીકે ચીતરવામાં મોદી આણિ મંડળીએ કોઈ કસર છોડી નથી. વળી, શત્રુઘ્ન સિન્હાના અપવાદ સિવાય ભાજપમાં કોઈ બળવાખોર અવાજ પણ સંભળાતો નથી, પાસવાન પોતાની હેસિયત સમજે છે. આમ, બિહાર એ બેંગ્લોર પછીનું મોદીનું મહા-અભિયાન બની રહેવાનું છે. જો બિહારમાં પાસા પોબાર પડ્યા તો મોદી સાચા અર્થમાં ચક્રવર્તી સમ્રાટ બની રહેશે એમાં શંકોન સ્થાન નથી.

સંસ્કૃતમાં તુલસીના ઘણા પર્યાયો છે જેમ કે સુલભા, ગ્રામ્યા, અવેતરાક્ષસિ, વિષ્ણુપ્રિયા, ગૌરી, બહુમંજરી આદિ, તુલસીનું લેટિન નામ છે ઓસિમમ સેંટમ

પહેલું સુખ તે જાતે નર્યા
ડૉ. કેદાર ઉપાધ્યાય

આપણા શાસ્ત્રોમાં આયુર્વેદ તેમજ વિવિધ વનસ્પતિઓ વિશે ઘણું લખાયું છે, વળી, ઘણી વનસ્પતિઓ આપણા ધાર્મિક ક્રિયાકાંડો સાથે જોડાયેલી છે. જેમ કે પીપળો, શેમલો, તુલસી આદિ... આમ તો આપણા દરેક ઘરમાં તુલસી વિશે કોઈને કાંઈ તો નુસ્કા - ઘરવૈદું ખબર હોય જ. આદિકાળથી તુલસીના સુંદર વર્ણનો આપણા શાસ્ત્રો તેમજ ધર્મગ્રંથોમાં જ છે આપણા દરેક ઘરમાં તુલસીનો છોડ (તુલસી કયારો) હોય જ છે. રોજ સવારે તુલસી કયારે દીવો-અગરબત્તી થાય અને પૂજા થાય

ધાર્મિક ગ્રંથોમાં તુલસીનું ખૂબ મહત્ત્વ વર્ણવાયું છે. ભગવાન શ્રીહરિ વિષ્ણુ સાથે તુલસીનો સંબંધ પરાપર્વથી છે. આપણે ત્યાં તુલસીવિવાહની પ્રથા પણ પ્રચલિત છે. ભગવાન શાલિગ્રામ નારાયણસ્વરુપ છે અને તુલસીદલ વિના તેની પૂજા થતી નથી. પુરાણોમાં પણ તુલસીના ખૂબ બધા વર્ણનો જોવા મળે છે. જન્મથી લઈને અગ્નિસંસ્કાર સુધી તુલસી માનવ સાથે જોડાયેલ છે. આમ, તુલસી એ એવી વનસ્પતિ છે જેના વિષે એક રીતે જોઈએ તો આપણને બહુ બધી ખબર છે પણ બીજી રીતે જોઈએ તો ઘણી બાબતો એવી છે કે હજુ પણ આપણે તુલસી વિષે જાણતા નથી. અને આ બાબતો જાણવી જરુરી છે.

સંસ્કૃતમાં તુલસીના ઘણા પર્યાયો છે જેમ કે સુલભા, ગ્રામ્યા, અવેતરાક્ષસિ, વિષ્ણુપ્રિયા, ગૌરી, બહુમંજરી આદિ, તુલસીનું લેટિન નામ છે ઑસિમમ સેંટમ. તુલસીના પાનમાં કપૂર જેવું ઉડ્ડયનશીલ તેલ હોય છે. તેને તુલસીકપૂર કહે છે. ચરકસંહિતામાં તુલસીની કુલ નવ જાતિઓનો ઉલ્લેખ છે. વનસ્પતિશાસ્ત્રના વિદ્વાનોએ વિશ્વભરમાં થતી તુલસીના કુલ સાઠથી પણ વધુ પ્રકારો શોધ્યા છે. આપણે આમાના બે પ્રકારો રામતુલસી અને શ્યામતુલસીથી તો પરિચત છીએ જ બાકીના ૫૮ પ્રકારો જાણવા હોય તો બૉટની અને આયુર્વેદના થોથા ફંફોળવા પડે.

આયુર્વેદમાં તુલસીના ઘણા ઉપયોગો વર્ણવ્યા છે. સામાન્ય શરદી-ઉધરસ-કફમાં તો આપણે સૌ કોઈ તુલસીનો ઉપયોગ કરતાં આવ્યા છીએ. પણ તુલસીના અમુક વિશિષ્ટ ગુણો પણ છે. અલબત્ત, આ ગુણોને તુલસીના પ્રભાવો કહી શકાય. જાણશો તો અચરજ થશે.

તુલસી વિષનાશક છે. ચરકસંહિતા સહિત અનેક ગ્રંથોમાં તુલસી વડે સર્પદંશ સહિતના ઝેર ઉતારવાની વિધિ તેમજ તેના યોગો છે. વિદેશમાં પણ અમુક રિસર્ચ વડે તુલસીનો વિષનાશક પ્રભાવ સિદ્ધ થયેલ છે.

આ ઉપરાંત તુલસી વાઈરલ અને બેકટેરીયા નાશક છે. મેલેરિયા, ફલુ અને ટી.બી.ના જીવાણુઓનો નાથ કરવાની ક્ષમતા તુલસીમાં છે. વળી, તુલસીના છોડની આસપાસ મચ્છરો ટકતા નથી આથી મેલેરિયા, ડેન્ગુ આદિનો ઉપદ્રવ ઘટી જાય છે.

અમુક વિદ્વાનોના મતે તુલસીમાં વિદ્યુતશક્તિ રહેલ છે. તુલસીના મૂળની આસપાસની માટીના ઉપયોગથી વ્યક્તિ વ્યાધિમુક્ત બને છે. એમ પણ કહેવામાં આવ છે કે જયાં તુલસી કયારો હોય ત્યાં વીજળી પડતી નથી.

આમ આ બધા પ્રભાવી પરિણામો જોવાથી એવું લાગે કે દરેક ઘરે તુલસી કયારો રાખવાની ધાર્મિક પરંપરા પાછળ પણ વિજ્ઞાન હોઈ શકે. પહેલાના સમયમાં તો ઝેર ઉતારવા માટે તાત્કાલિક સારવાર મળવી અશક્ય હતી. આથી ઘરઆંગણે તુલસી કયારો હોય તો તુરત ચિકિત્સા થઈ શકે. વળી, તુલસીને કારણે જીવજંતુઓનો ઉપદ્રવ પણ ઓછો થાય. આમ, પહેલાના સમયમાં જયારે આજના જેવી ઈમરજન્સી ટ્રીટમેન્ટ હાજર ન હતી ત્યારે તુલસી એક ઈમરજન્સી ટ્રીટમેન્ટ તરીકે ઉપયોગમાં લેવાતી. ધર્મ અને વિજ્ઞાન પૂરક છે તેની આ એક વધુ સાબિતિ. તો ચાલો, ઍટલીસ્ટ ઘરના તુલસીકયારાનું જતન કરીએ, અને જો હજુ તુલસી ન વાવી હોય તો પાડોશમાંથી વાડકી વ્યવહારમાં તલુસીના માંજર લઈ આવીએ.

- drkedarju@gmail.com

આ પુસ્તક આપણી સામાન્ય અને રોજિંદી બોલચાલની ભાષામાં જ લખાયું છે, કયાંક ભાષાશૈલીનો આડંબર વરતાતો નથી

મનના ઉમંગો
રણછોડ પરમાર

કાકાસાહેબ કાલેલકરનું હિમાલયનો પ્રવાસ પુસ્તક ત્રણચાર વાર વાંચ્યું હશે. એની મોહિની આ હૃદયમાંથી કદી ઊતરશે નહીં એવું લાગે છે. કૈલાસ-માનસરોવરની યાત્રાની એક સીડી જોઈ ત્યારે એનાં અસંખ્ય દૃશ્યો ચિત્તમાં ચોંટી ગયેલાં, એ જાણે હજી અકબંધ છે. હમણાં આપણા ગાંધીનગરના લેખિકા પ્રજ્ઞાબેન પટેલના પુસ્તક 'શિવભૂમિનો સાદ'નું વિમોચન તા. ૧૨.૦૭.૨૦૧૫ના રોજ બ્રહ્માણી હૉલમાં કરવામાં આવ્યું ત્યારે ફરી એકવાર કૈલાસ માનસરોવરની યાત્રાની વાતો સાંભળવામાં આવી. કાર્યક્રમની શરુઆત થાય તે પહેલાં લેખિકાએ પાડેલા શિવભૂમિના ફોટાઓ પડદા પર નિહાળી એક અનોખા જ આનંદનો અનુભવ પ્રાપ્ત થયો. હૉલની બહાર શિવભૂમિનો સાદ પુસ્તકનું વેચાણ રાખવામાં આવેલું એ ખૂબ જ ગમ્યું. પુસ્તકનું વેચાણ રાખવામાં આવેલું તે ખૂબ જ ગમ્યું. પુસ્તક તો તુરત ખરીદી લીધું પણ વાંચન શરુ કરવામાં થોડા દિવસ જતા રહ્યા. હવે હું આખેઆખા પુસ્તકમાંથી પસાર થઈ ગયો છું. ત્યારે એના વિશે થોડીક વાતો કરવી મને ગમશે. આશા રાખું છું કે આપને પણ ગમશે!

(૧) આ સમગ્ર પુસ્તક આપણી સામાન્ય અને રોજિંદી બોલચાલની ભાષામાં જ લખાયું છે. કયાંક ભાષાશૈલીનો આડંબર વરતાતો નથી. જાણે લેખિકા આપણી સાથે જ ચાલતાં, ચાલતાં પ્રવાસની વાતો કરે છે અને આપણે પણ તેઓ દર્શાવે તે દૃશ્યો જોતાં જોતાં એમની સાથે પ્રવાસ માણી રહ્યા છીએ. એમણે ઘણી જગ્યાએ ઠેશ-ઠોકરો વાગી હશે; આપણને કયાંક વાગતી નથી.

ખીણમાં વહેતી કાલીગંગાનું અવર્ણનીય દૃશ્ય જોઈ તેઓ આનંદથી અભિભૂત થઈ જાય છે, હોઠ અવાચક થઈ જાય છે, શબ્દોનું ટોળું એમને ઘેરી વળતું નથી. એક જ શબ્દ બોલી શકાય છે. 'અદ્‌ભૂત.' તેઓ જાણે છે કે કેટલી વાર આ અદ્‌ભૂત શબ્દ બોલવાનો? છતાં બોલી ઊઠે છે, 'અદ્‌ભૂત' કૈલાસજી પર સૂર્યકિરણઓના મુગુટમણિ જોઈ શું લખે છે? 'No Words!!'

એનો અર્થ એવો નથી કે આ યાત્રાપ્રવાસોના એમણે કયાંક વર્ણન કર્યા નથી. જયાં જયાં, મનભરીને જે જે દૃશ્યો એમણે માણ્યાં છે એના ખુબ સુંદર વર્ણનો આ પુસ્તકમાં આપને ઠેર-ઠેર દિલ્હીથી ધારચુણ જતાં મનભાવન વહેલી સવારે...

'બસની બારીમાંથી મુગ્ધ કોતુક સાથે હું પસાર થતા રસ્તા, ગામો, ખેતરો, જનજીવન બધું જોયાં કરું છું, બહુ ગમે છે આમ જોવું... વચ્ચે થોડા વિસ્તારમાં માણસોની ખૂબ ભીડ, મેળા જેવું. કોઈએ કહ્યું, 'ગંગાપૂજનનો તહેવાર છે. વળી કયાંક કાવડિયા પણ જોવા મળ્યા. હરિયાળા ખેતરો, કયાંક નદી-નહેરો, રસ્તાની ધારે આવતાં નાનાં-છૂટાછવાયાં ગામ-ઘર-દુકાનો... આહલાદક વાતાવરણ.'' બહારની વાતો કરતાં કરતાં એકાએક બસમાં નજર કરી લખે છે, 'બસમાં શિવસ્તુતિની સરસ કેસેટ વાગી રહી છે. કોઈ યાત્રીઓ નિદ્રાદેવીને ખોળે. કોઈ વાતોમાં, કોઈ શિવસ્મરણાં.... વચ્ચે ચા-નાસ્તાનો વિરામ અને ફરી બસ દોડવા લાગી.'

ધારચુલાના રસ્તે જતાં લખે છે, 'નગધિરાજ હિમાલયના ખોળે છીએ. ખૂબ આહલાદક સફર. પર્વત-ખીણો, નદી-ઝરણાં, મસમોટાં અનેક વૃક્ષો, ધુમ્મસનો ઘેરાવ.... વરસાદી માહોલ જામ્યે છે. હવે થોડી થોડી ઠંડી પણ અનુભવાય છે. પર્વતીય રસ્તો, બસ અનેક વળાંક લેતી આગળ વધી રહી છે. અમુક વૃક્ષોનાં થડ તો એવા દળદાર, થાય બાથ ભીડી જોઈએ, બે હાથમાં સમાય છે! લાંબા ચીડ, પામ, બાંજ, પાંગર, મેલ, બ્રાંસ, અખરોટ - અહા, વનશ્રીનો વૈભવ દિવ્ય છે.'

દોડમદોડ કરીને વહેતી કાલીગંગાને જોઈને કેવું વર્ણન કરે છે? 'આખા રસ્તે કયાંક એને મેં સામાન્ય નદીની જેમ શાંત ભાળી નથી. એય ને, ઉતાવળ, રઘવાટમાં ઉછળતી - કૂદતી, નાચતી - ગાતી, ઉલ્લાસના સાગર જેમ મદ માતી, પોતાની મસ્તીમાં એ વહ્યે જ જાય છે. કોને મળવાની હશે આ આતુરતા? કયાં પહોંચવા એ આટલી બ્હાવરી? તું જરાય થાકતી નથી? ઘડીક તો પોરો ખા મારી મા! પણ, એ કોઈનું સાંભળવાના મુડમાં નથી, સાંભળે પણ શાની? એ ય હિમાલયપુત્રી કન્યા છે! અરે, તારાં અલ્લડ મસ્ત રુપ-સ્વરુપનાં તો શા શા વખાણ કરું, કાલી? તું આ પર્વતો વચ્ચે, શિલાઓ વચ્ચે, વૃક્ષો સાથે અથડાય છે કે એમને આલિંગે છે? અજબ છે તારો આ સ્વરુપ! ઘૂમરીઓ લઈને આગળ વધતા તારા ધસમસતા વેગવંતા પ્રવાહમાં કેટલી ચેતના - ઉર્જા ભરી છે! મારી પાસે કોઈ શબ્દો નથી. હું તારી સાથે દોડી શકતી નથી. પણ કાલીગંગા, મારા મન-હૃદયમાં તારી એક અમીટ છબિ હું કંડારીને લઈ જાઉં છું.'

છિયાલેખના મેદાનમાં ખીલેલાં ફૂલો જોઈને એમનું મન પણ ખીલી ઊઠે છે. પૃ.૪૨ ઉપર એનું અદ્‌ભૂત વર્ણન કર્યું છે. તેમાં છેવાડે લખે છે, 'સફેદ ઝીણાં ફૂલો તો એવા લાગે જાણે વેરાયેલા મોતી. સારું હતું, મેદાનમાં પગદંડી જેવો રસ્તો થઈ ગયેલો, નહીં તો એ ફૂલો પરથી ચાલતાં જીવ બળે.' આવું જ સુંદર વર્ણન ધાનછો કેમ્પસાઈટ નજીક ખીલેલાં નાગફણીનું માણવા મળશે. (મણિમહેશની યાત્રા પૃ.૧૬૧)

પ્રથમ ચાર શિવભૂમિની યાત્રાઓમાં ભારે મઝા પડી ગઈ. ગિર પરકમ્માની ખરી મજા મેં સ્વયં માણેલી છે. પરંતુ એક વાત આનંદ સાથે કહેવી કે પુસ્તકમાં આપેલા સુંદર ફોટોગ્રાફ્સ બધા જ જીવંત છે.

શ્રાવણમાં પોતાના આરાધ્યની સ્મરણ, વંદન અને નમન દ્વારા સેવા કરવાથી જીવનના અનેકાઅનેક દોષો દૂર થાય છે

લાગણીનો મેળો
રસિક વાળંદ

ઝોલાં લે વનગગનમાં, સરવર ઉછળે છોળ, છાલક જરી તુ જ લાગતાં હૈયું લે હિલ્લોળ,
શ્રાવણ! તારા સરવડાં, મોરી અંખિયન ધાર, તું વરસીને રહી જશે, એના બારોમાસ નિતાર.
- ઉમાશંકર જોશી

માટી કા શિવલિંગ, માટી કા સંસાર, માટી મેં માટી મિલે યહી જીવ તત્વ કા સાર.

શ્રાવણ માસ એટલે મેઘ, મહાદેવ અને માધવનો ત્રિવેણી સંગમ. આ ત્રણેય મ કાર કલ્યાણકારી!! ચોગરદમ ભીનો ભીનો હરિયાળો માહોલ, શિવાલયોમાં પંચાક્ષરી ગુંજનને ઋજુલ ઘંટારવ, હિંડોળે ઝૂલતા પ્રભુજી ને પંજરીનો પ્રસાદ!! શ્રાવણ એટલે જીવનનું શિવમય થવું, શિવ થઈને શિવને પૂજવાનો માસ...

આપણા સંતોએ શ્રાવણ શબ્દનું મૂલ્ય સમજાવતા કહ્યું છે કે, 'શ્ર એટલે શ્રવણ કરવું, 'વ એટલે વંદન કરવું, અને 'ણ અથવા 'ન એટલે નમન કરવું. આમ શ્રાવણમાં પોતાના આરાધ્યની સ્મરણ,વંદન અને નમન દ્વારા સેવા કરવાથી જીવનના અનેકાનેક દોષો દૂર થાય છે. મિત્રો, આપણા ગુજરાતી મહિનાઓના નામ નક્ષાત્ર આધારિત છે જેમકે કૃતિક પરથી કારતક, મૃગશીર્ષ પરથી માગશર, એ જ રીતે સંધ્યાકાળે ઉગીને પરોઢિયે અસ્ત થઈ જતા શ્રવણ નક્ષત્રના દર્શન આ માસમાં થતા હોવાથી વિક્રમ સંવતનો આ માસ શ્રાવણ તરીકે ઓળખાયો. આપણા મહામનીષીઓએ સર્વાધિક મહત્વ ધરાવતા શ્રાવણને માત્ર ધાર્મિક દ્રષ્ટિથી પૂજયો નથી પણ એનું સાંસ્કૃતિક મૂલ્ય પણ સમજાવ્યું છે. પ્રકૃતિની આહલાદકતા હૈયામાં ઉમટેલું ભક્તિભાવનાનું પૂર આવી અદકેરી ભાવપૂર્ણતામાં સંસ્કારિતાનું મોતી પાકવાની શક્યતા નકારી ન શકાય અને તેથી જ શ્રાવણે ઉત્સવોનો શણગાર સજયો છે.

દોસ્તો, સંસ્કૃતિ એટલે સમ્યક કૃતિ! સર્જનહાર પ્રભુના અનેક સર્જનોમાંની શ્રેષ્ઠતમ કૃતિ એટલે માનવ અને તેથી જ સ્વયમ કૃષ્ણ ભગવાને મનુષ્યને 'મમૈવાંશઃ મારો અંશ કહીને બિરદાવ્યો છે આ મનુષ્ય કૃતિ સદા શ્રેષ્ઠતમ રહે એ માટે આર્ષદ્રષ્ટા ઋષિમૂનીઓએ માનવને ન ખબર પડતા તેના જીવનમાં સહજ ને સરસ આચાર પાલન વણાઈ જાય એ માટે વિવિધ ઉત્સવો ને પ્રતીકો દ્વારા અલખ સંદેશો પાઠવ્યો છે. ભાવ અને બુદ્ધિનું સંયોગીકરણ એટલે ઉદાત્ત માનવ્ય. આજે તો વેદમાન્ય વિચારપ્રણાલીની હાંસી ઉડાવનારો વર્ગ સારાસારનો વિવેકભાન ગૂમાવી બેઠો છે. કહેવાતા ભણેલા ગણેલાઓ સંસ્કૃતિકે ધર્મ શબ્દ સંભાળતાવેત નાકનું ટીચકું ચડાવી દે છે! વિશ્વને ચિરંતન માર્ગદર્શન આપનારી ભારતીય સંસ્કૃતિને આપણા ભારતીયો જ સમજી શક્ય નથી. એ જ મોટી વિડંબણા છે. પ્રાચીન કે અર્વાચીનના નાદમાં ન પડતા શ્રેષ્ઠતાનો ખુલ્લા મને સ્વીકાર કરે એ જ સાચો બુદ્ધિમાન ગણાય. આપણી સંસ્કૃતિની શોભા સમા ઉત્સવો ને પ્રતીકોના રહસ્યપૂર્ણ મહાત્મ્યને પીછાણીયે...

શ્રાવણ માસને શણગારતા પર્વો એટલે નાગપાંચમ, રાંધણછઠ, શીતળા સાતમ, શ્રાવણી પૂર્ણિમા, જન્માષ્ટમી, માતૃદિન...

ચાલો આ પર્વોના રહસ્યગર્ભને ઉકેલીએ...

આજની વીળક્ષણશુ માનવતાના ગાણા ગાનારી દુનિયા એ ભૂલી ગઈ છે કે સનાતન ભારતીય સંસ્કૃતિ એ માત્ર માનવ જ નહિ માનવેતર સૃષ્ટિ તરફ પ્રેમ અને આદર કરવાનું સૂચવે છે. 'સર્વ ભૂત હિતે રતા નો ઘોષ આ ભારત ભૂમિ એ કર્યો છે! પશુપક્ષીવનસ્પતિની પૂજા કરાવી એ આ સંસ્કૃતિનું વૈશિષ્ટ્ય છે. વટસાવિત્રી વ્રતમાં વડલાની પૂજા, તુલસી પૂજા, ગાયની પૂજા, કોકિલાવ્રત... અને એમાં નાગની પૂજા એ તો વૈશિષ્ટ્યની પરાકાષ્ઠા...

નાગની વાત કરીએ ને સામે ડંખ દેનારું ઝેરી જનાવર દેખાય. સર્પદંશ એટલે સાક્ષાત મૃત્યુ.. આવા ઝેરી જનાવરની પૂજા... એક સુભાષિતમાં સાપને દુર્જન કરતા શ્રેષ્ઠ કહ્યો છે. કારણ સાપના જીભમાં ઝેર પણ દુર્જનના તો અંગે અંગમાં ઝેર હોય... નાગ દેવતાને તો ક્ષેત્રપાલ કહ્યો છે. પાકને નુકશાન કરનારા જીવજંતુનો નાશ કરી પાકને બચાવે છે. સાપની એક લાક્ષણીકતા તેને સુગંધ ખૂબ ગમે છે. ચંપો, ચંદન ને કેવડા નીસુગંધ પ્રિય છે. જયાં સદગુણો કે સુવિચારોની સુવાસ આવતી હોય તે આપણને પ્રિય હોવી જોઈએ.કહેવાય છે કે દબાયો કરડે નાગ સાપ કારણ વગર કદાપુઈ ન કરડે. એમ આપણે પણ કોઈના પર અકારણ ગુસ્સો કરવામાં નિર્બળને હેરાન કરવામાં અશક્તને દુઃખ દેવામાં શક્તિ ન વેડફતા. અસમર્થને સમર્થ, નિર્બળને સબળ બનાવવામાં શક્તિ ખર્ચીએ એ ઈચ્છનીય છે.કેટલાક દૈવી નાગના માથે મણી હોવાનું કહેવાય છે. મણી અમૂલ્ય હોય. આપણે પણ જીવનમાં અમૂલ્ય વાતો માથે ચઢાવી જોઈએ. આવા મહાન વિચારો મૂજબ અહર્નિશ જીવન ઘડવાનો સંદેશ મળે છે. વળી સાપ કાંચળી ઉતારે એમ અમૂક સમયે સાંસારિક માયા મમતા ત્યજવી જરૂરી છે. માણસ માટે કાંચળી ઉતારવાનો ઉત્તમ કાળ વાનપ્રસ્થ અવસ્થા છે. વર્ષાઋતુમાં વરસાદના કારણે સાપના દર પૂરાઈ જાય છે. અને નિર્વાસિત થયેલા આ જીવો અહી તહીં ભટકતા કદાચ અતિથી બનીને આવી જાય એ શક્ય છે. ત્યારે તેને ન મારતા કૃતજ્ઞબુદ્ધિથી પૂજન કરીએ એવો ગૂઢ સંદેશ નાગપંચમીબનું પર્વ આપે છે અને તેથી જ ઋષિઓએ આ શ્રાવણમાસમાંજ નાગપાંચમનો ઉત્સવ ગોઠવ્યો છે.

દોસ્તો, પાંડવોના પૂર્વજ પરિક્ષિતના પ્રાણ તક્ષકે લીધા હતા. તક્ષક રાજા હોઈ આર્યો અને નાગજાતિના લોકો વચ્ચે ઘાતક યુદ્ધ થયું. ત્યારે આસ્તિક મૂનીએ વચ્ચે પડી નરસંહાર અટકાવ્યો. આર્યો અને નાગજાતિ આ બંને પક્ષોએ આસ્તિક મૂનીની વાત માથે ચઢાવી શાંતિ સુલેહ કર્યો. આજે પણ ગામડામાં વિષધર પ્રાણીને આસ્તિક મૂનીની આણ છે આવા લખાણ લખવાથી ઝેરી જાનવર ઝેર ન આંકે એવી શ્રદ્ધા એમાં રહેલી જોવા મળે છે...

રાંધણછઠ આ દિવસે રસોઈ તૈયાર કરી લીધા પછી બહેનો ચૂલો સગડી કે રસોડાના સાધનોની પૂજા કરે છે. અને શીતળા સાતમના દિવસે ઠંડુ જમે છે. બારેમાસ આપણા માટે તપીને ખોરાક પકવનાર ચૂલો એ ગૃહદેવતા છે. એનો ઉપકાર ભૂલાય? તાત્વિક દ્રષ્ટીએ તો આ સાધનો જડ છે. પરંતુ સહાયક બનનાર નિમિત્ત રૂપ સાધનોમાં રહેલાં સુષુપ્ત

ચૈતન્યની આપણે પૂજા કરવી જોઈએ. એવો ગૂઢાર્થ એમાં સમાયેલો છે. સતત બીજા માટે સળગતા રહેલા ચૂલાને આંબાના પાન ધરી શીતળતા આપીએ છીએ. વળી આમ્રફળ જેવી મીઠાશ એમાં સતત ભરતો રહે એવી ભાવના પણ એમાં રહેલી છ